સંસ્કૃતને રાષ્ટ્રભાષાનો દરજ્જો આપવા કે.જી. વણઝારાની સુપ્રિમકોર્ટમાં પીટીશન

ગુજરાત સરકારના પૂર્વ અધિક સચિવ અને હાલ સર્વોચ્ચ ન્યાયાલયમાં વકીલાત કરતા શ્રી કે.જી.વણઝારાએ ભારતીય બંધારણના આર્ટીકલ – ૩૨ હેઠળ સર્વોચ્ચ અદાલતમાં એક જાહેર હિત પિટિશન (PIL (W.P. (C) no.1257/2020) દાખલ કરીને હિન્દીનો વર્તમાન રાજભાષા (Official Language) નો દરજ્જો ચાલુ રાખીને રાષ્ટ્રભાષાની નવી કક્ષા ઊભી કરીને સંસ્કૃતને રાષ્ટ્રભાષા (National Language) જાહેર કરવા માટે ભારત સરકારને હુકમ કરવા વિનંતી કરી છે. શ્રી કે.જી.વણઝારાએ પક્ષકાર પિટિશનર (party in person) તરીકે આ પિટિશનમાં રજૂઆત કરી છે કે ભારતીય બંધારણના વર્તમાન માળખાના આર્ટીકલ - ૩૪૩ થી ૩૫૧ સુધીના ઢાંચામાં ફેરફાર કર્યા વગર સંસ્કૃત ભાષાને રાષ્ટ્રભાષા બનાવી શકાય તેમ છે. પિટિશનમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે વર્તમાન બંધારણીય જોગવાઈ પ્રમાણે હિન્દી ભારતની રાષ્ટ્રભાષા નહીં, પરંતુ રાજભાષા છે પરંતુ પરંપરાગત રીતે લોકો હિન્દીનો રાજભાષાને બદલે રાષ્ટ્રભાષા તરીકે ઉલ્લેખ કરે છે. તાત્વિક રીતે હાલ ભારતની કોઈ રાષ્ટ્રભાષા નથી.

આ પિટિશનના સમર્થનમાં સુપ્રીમ કોર્ટના વકીલ શ્રી કે.જી.વણઝારાએ રજૂઆત કરી છે કે હિન્દી, હિન્દુસ્તાની (ઉર્દૂ), અંગ્રેજી અને સંસ્કૃત પૈકી કોઈ એક ભાષાની રાજભાષા (Official Language) તરીકેની પસંદગી માટે બંધારણ સભામાં તા. ૧૨, ૧૩, ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ દરમિયાન ઉગ્ર અને તોફાની ચર્ચાઓ થઈ હતી, જેમાં ઉત્તર ભારત અને મધ્ય ભારતના હિન્દી ભાષી સભ્યોની બહુમતીના કારણે સમાધાન સ્વરૂપે હિન્દીનો સર્વસંમત રાજભાષા (Official Language) તરીકે સ્વીકાર કરાયો હતો. એ જાણીને આશ્ચર્ય થશે કે ભારતીય બંધારણના મુખ્ય ઘડવૈયા અને તત્કાલિન નહેરૂ સરકારના કાયદા મંત્રી ડો. આંબેડકર, કે જેમને તેમની જાતિના કારણે ૧૯૦૭માં મેટ્રિકની પરીક્ષામાં સંસ્કૃત ભાષાને બદલે પર્શિયન ભાષા ભણવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા, તેમની આગેવાની નીચે અનેક વિદ્વાન સભ્યોએ હિન્દીને બદલે સંસ્કૃતને રાજભાષાનો દરજ્જો આપવા માટે ખરડામાં સુધારો રજૂ કરેલો, જેમાં મુખ્યત્વે પશ્ચિમ બંગાળના મુસ્લિમ વિદ્વાન નઝીરૂદ્દીન એહમદ, પંડિત લક્ષ્મી કાંતા મૈત્રા, તત્કાલિન નહેરૂ કેબિનેટમાં ઉદ્યોગ મંત્રી અને હિન્દુ મહાસભા તરફથી ચૂંટાયેલા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી (પાછળથી ભારતીય જનસંઘના સ્થાપક), શ્રી કુલાધાર ચાલિહા (આસામ) વગેરેનો સમાવેશ થાય છે, તે સૌએ મનનીય પ્રવચનો કરીને સંસ્કૃતની તરફેણમાં ભારે લડત આપી હતી.

યુનો (UNO) નાં મંતવ્ય અનુસાર વિશ્વની અંદાજે ૯૦% ભાષાઓના મૂળ સંસ્કૃતમાં છે. સંસ્કૃત ભાષાની જૈવિક વૈજ્ઞાનિક ઉચ્ચારણ સંરચના (Biological Scientific Phonetic structure) બાળકોમાં લયબદ્ધ ઉચ્ચારણ અને મસ્તિસ્ક અને સ્મરણ શક્તિ ક્ષમતા વધારે છે, તેથી યુરોપના કેટલાય રાષ્ટ્રોએ સંસ્કૃત ભાષાને માધ્યમિક પાઠશાળાઓમાં અનિવાર્ય ભાષા તરીકે દાખલ કરેલ છે. આવી વિશ્વ સ્થિતિમાં સંસ્કૃત ભાષાની અવગણના ભારત માટે આત્મઘાતી સાબિત થઈ શકે તેમ છે.

પિટિશનમાં રજૂઆત કરાઈ છે કે પૂર્વ પ્રધાન મંત્રી નહેરૂજીએ કહ્યું હતું કે – "કોઈ મને પૂછે કે ભારતની સર્વોત્તમ સંપતિ શું છે અને તેની સુંદરતમ ધરોહર શું છે તો હું વિના સંકોચે તરત જ કહું કે તે સંસ્કૃત ભાષાનું સાહિત્ય અને તે સાહિત્યમાં સમાવિષ્ટ જે કંઈ હોય તે જ છે." પિટિશનમાં કહેવાયું છે કે સર્વોચ્ચ ન્યાયાલયની ખંડપીઠનાં તા. ૪/૧૦/૧૯૯૪ નાં નિર્ણય [Santosh Kumar Vs. Secy. Ministry of Human Resources Development (Corum – Justice Kuldip Singh and Justice B. L. Hansariya) [(1994) 6 SCC 579] અનુસાર સંસ્કૃત ભાષા કોઈ જાતિ અથવા ધર્મની ભાષા નહીં, પરંતુ સમગ્ર વિશ્વ અને માનવ જાતિની ભાષા છે અને આ ભાષાનો વિકાસ દેશને વધુ મજબૂત કરશે અને ઉત્તર અને દક્ષિણ ભારતની તમામ ભાષાઓને સમૃદ્ધ કરશે કારણ કે વત્તા-ઓછા પ્રમાણમાં તમામ ભારતીય ભાષાઓના મૂળ સંસ્કૃતમાં રહેલાં છે. સન ૧૯૬૮, ૧૯૮૬ અને ૨૦૨૦ પ્રસિદ્ધ કરેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપે સંસ્કૃતને ભારતીય સંસ્કૃતિ અને વારસાના આત્મારૂપે સ્વીકાર કરાયો છે. ડો. સુનીતિ કુમાર ચેટરજીની અધ્યક્ષતામાં સન ૧૯૫૬માં ભારત સરકાર દ્વારા રચાયેલ સંસ્કૃત આયોગનો અભિપ્રાય છે કે સામાન્ય રૂપે સંપૂર્ણ વિશ્વની અને વિશિષ્ટ રૂપે મધ્ય, દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયાની તમામ ભાષાઓના મૂળ સંસ્કૃતમાં હોવાથી આ ભાષા તમામ એશિયાઈ રાષ્ટ્રો વચ્ચે કડીરૂપ બનતા વિશ્વમાં એક નવા અધ્યાયનો આરંભ થઈ શકે છે. સંસ્કૃતને રાષ્ટ્રભાષા બનાવવાથી એકતા અને અખંડિતતા વધુ મજબૂત બની શકે કારણ કે, બંધારણની અનુસૂચિ – ૮માં સમાવિષ્ટ ૨૨ ભારતીય ભાષાઓ અને બોલાતી અનેક બોલીઓનાં મૂળ સંસ્કૃતમાં છે. પોંડીચેરીનાં મહર્ષિ અરવિંદ અને આશ્રમના અંતેવાસી માતાજીએ સંસ્કૃતને રાષ્ટ્રભાષા બનાવવા માટે વિનંતી કરી હતી. જાણીતા બંધારણવિદ અને લોકસભાના પૂર્વ સેક્રેટરી જનરલ ડો. સુભાષ કશ્યપએ અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે બંધારણ સભામાં સંસ્કૃતને રાજભાષા ન બનાવી ને મોટી ભૂલ કરી હતી. સંસ્કૃતને પુનઃ જીવીત કરીને જ ભારત વિશ્વગુરુનું પ્રાચીન સ્થાન પુનઃ પ્રાપ્ત કરી શકશે. અમેરિકા સ્થિત નાસા (NASA) અને અન્ય કોમ્પ્યુટર નિષ્ણાંતોનો મત છે કે સંસ્કૃત સર્વાધિક કોમ્પ્યુટર સહયોગી અને વૈજ્ઞાનિક ભાષા છે. આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય, બોધાયન અને વરાહમિહિર જેવા પ્રાચીન વૈજ્ઞાનિકોનાં સંશોધનો જોતાં પશ્ચિમનાં વૈજ્ઞાનિક વિદ્વાનો અને પૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામનો મત છે કે સંસ્કૃત ફક્ત ક્લાસીકલ સાહિત્ય અને ધાર્મિક-આધ્યાત્મિક પુસ્તકોનો જ ખજાનો નથી, પરંતુ આધુનિક વિજ્ઞાનની બધી શાખાઓનો પણ ખજાનો છે, તેથી યુવાન વૈજ્ઞાનિકોએ સંસ્કૃતમાં સંશોધન કરવું જોઈએ. વર્તમાન સમયમાં નાસા (NASA), અને અમેરિકા, યુરોપ અને રશિયામાં ભારતની પ્રાચીન વણખેડાયેલી ૬૦,૦૦૦ હસ્તલિપિઓનું સંશોધન કાર્ય ચાલે છે.

જો ભારત હિન્દીને રાજભાષા ચાલુ રાખી તે ઉપરાંત સંસ્કૃતને રાષ્ટ્રભાષા જાહેર કરે તો જાતિ, પંથ, વિસ્તાર તેમજ ઈસ્લામ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ, શીખ અને પારસી ધર્મોના આધાર પર કોઈ વિવાદ કે વિગ્રહ ઊભો ન થઈ શકે, કારણ કે, આ બધા ધર્મોમાં પ્રચલિત ભાષાઓનાં મૂળ સંસ્કૃત ભાષામાં છે. ડો. જાકીર નાયક જેવા વિશ્વ વિખ્યાત ઈસ્લામિક વિદ્વાનએ, અલબત હાલ તેમને કેટલાક કારણોસર કાયદા અનુસાર ભાગેડુ જાહેર કરાયા છે, પણ સંસ્કૃતને સામાન્ય માણસની એટલે કે રાષ્ટ્રભાષા બનાવવા અનુરોધ કર્યો છે. હવેથી મદ્રેસાઓમાં સંસ્કૃત ભણાવવામાં આવશે, તેમ જણાવ્યુ હતું. ભારતે ઈઝરાયલ પાસેથી શીખવું જોઈએ કે જેણે ૧૯૪૮માં આઝાદી મળતાં જ, છેલ્લા ૨૦૦૦ વર્ષોથી મૃત મનાતી હિબ્રુ ભાષાને અંગ્રેજીની સમાંતર રાષ્ટ્રભાષા/રાજભાષા જાહેર કરી છે.

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બી.આર.આઈમાં 'Drug Abuse & Trafficking'ના વિષય પાર e - Poster પ્રતિયોગિતાનું આયોજન

ગાંધીનગર,તા. ૧૬

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બી.આર.આઈ. અડાલજ, ગાંધીનગર ખાતે 'Drug Abuse & Trafficking'ના વિષયને આધારિત e - પોસ્ટર સ્પર્ધાનું માઈક્રોસોફ્ટ ટીમ એપના માધ્યમથી કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માં બી.ફાર્મ, ડી.ફાર્મ અને એમ.ફાર્મના થઈને કુલ ૭૮ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધાના કોર્ડીનેટર ડૉ.મિસરી પટેલ (આસિસ્ટન્સ પ્રોફેસર, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) અને મિસ.રુચિ ખત્રી (આસિસ્ટન્સ પ્રોફેસર, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) દ્વારા પ્રથમ રાઉન્ડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ ૭૮ સ્પર્ધામાંથી૧૧ સ્પર્ધકો નું ચયન કરવામાં આવ્યું હતું. બીજા રાઉન્ડ માં વિદ્યાર્થીઓએ પોતાના બનાવેલા પોસ્ટરને વિગતવાર સમજાવવાનું હતું. જેનું નિરીક્ષણ ડૉ.સુનિતા ચૌધરી (એસોસિયેટ પ્રોફેસર, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) અને ડૉ.વિનય દરજી (એસોસિયેટ પ્રોફેસર, એ.એસ.પી એન્ડ બી.આર.આઈ) દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાંથી પ્રથમ ક્રમે નેહા રાઠોર, બીજા ક્રમે રુચિ સિંહ અને ત્રીજા ક્રમે કૃપા પેંઢકર ને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

આ પ્રતિયોગિતા યોજવાનું મુખ્ય કારણ Youngstersને ડ્રગનો દુરુપયોગ અને તેની અસરો વિષે માહિતગાર કરીને, તેમને જાગૃત કરવાનો હતો. અંત માં ડૉ.મિસરી પટેલે આભારવિધિ વ્યક્ત કરી હતી.

વિશ્વ ચા દિવસ નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'ચાય પે ચર્ચા' યોજાઇ

ગાંધીનગર,તા. ૧૬

'વિશ્વ ચા દિવસ' નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગ દ્વારા તા.૧૫.૧૨.૨૦૨૦ના રોજ "ચાય પે ચર્ચા' યોજવામાં આવી હતી. જેમાં સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓએ સમાજને સ્પર્શતા મહત્વના વિષયો જેમકે, 'ગરીબી', 'બેરોજગારી', "કોવીડની મહામારી દરમિયાન ઓનલાઈન અભ્યાસથી બાળકો ઉપર થતી માનસિક અસર", "રાજકારણના સાંપ્રત પ્રવાહો" અને "વર્તમાન સમયમાં પજવતા સ્વાસ્થને લગતા પ્રશ્નો" પર ગહન ચર્ચા કરી હતી.

ચાય પે ચર્ચાના પ્રારંભે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આદરણીય કુલસચિવ ડૉ. અશોકભાઈ એન. પ્રજાપતિ, સ્કૂલ ઓફ હ્યુમિનીટીઝના ડાયરેક્ટર ડૉ. ભાનુભાઈ ઢીલા તથા સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ રીનાબહેન રાઓલે વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્બોધન આપ્યું હતું.

'વિશ્વ ચા દિવસ' નિમિત્તે આયોજિત જૂથ ચર્ચા પૂર્વે સમાજકાર્ય વિભાગના અધ્યાપક ડૉ. નરેન્દ્રકુમાર ડી. વસાવા દ્વારા વિદ્યાર્થીઓને સમાજને સ્પર્શતા સળગતા પ્રશ્નો બાબતે ગહન ચિંતન, મનન અને અભ્યાસ કરવા પ્રેરણા આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પણ અભ્યાસના આ નવતર પ્રયોગમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. શૈલેષ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

રાકેશ આર કડવાતર

તનુશ્રીબા અજયસિંહ ડાભી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

માસ્ક પહેરો... સ્વસ્થ રહો...

સંજય જોશી પીએચ.ડી થયા

સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચીફ મેનેજર અને અધિક કલેક્ટર સંજય જોશી એ સરદાર

વલ્લભભાઈ પટેલના ભાષણો માં વ્યક્ત થતી સામાજિક નિસ્બત ઉપર સરદાર પટેલ યુનિવર્સીટીમાંથી પી એચ ડી નો અભ્યાસ પૂર્ણ કરેલ છે. બનાસકાંઠાના વડગામ તાલુકાના વતની સંજયે એન્જિનિરીંગ, કાયદો, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સમાજશાસ્ત્ર તથા ઈતિહાસ ઉપર વિવિધ ડિગ્રી મેળવી છે.

કમલમ ખાતે ભાજપા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની શુભેચ્છા મુલાકાત લેતાં ગાંધીનગરના જનક ઠક્કર

ગાંધીનગર,તા. ૧૬

સી.આર.પાટીલના પ્રદેશ પ્રમુખ તરીકે પદભાર સંભાળ્યા બાદ સમગ્ર ગુજરાતના ભારતીય જનતા પક્ષના કાર્યકરો અને કાર્યક્રમોમાં ઉત્સાહની એક નવી લહેર પ્રસરી છે. હાલમાં ચાલતાં પેજ પ્રમુખ અભિયાન અંતર્ગત ગુજરાતી ફિલ્મ અને ટી.વી.સીરીયલ કલાકાર, ગાંધીનગર તથા ડીસાના સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર, પ્રદેશ યુવા મોર્ચાના પૂર્વ આમંત્રિત સભ્ય અને યુથ આઈકોન એવા ગાંધીનગરના જનક ઠક્કરે પ્રદેશ પ્રમુખની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આગામી સમયમાં પક્ષના નિયત કાર્યક્રમોમાં પૂર્ણ ઉત્સાહ અને નવી ઉર્જા સાથે કામગીરી કરવાની જનકભાઈએ આતુરતા દર્શાવી હસ્તી.

બહેનોને પૂછો કે તમારી ફેવરીટ ડીશ કઈ તો મોટાભાગની બહેનોનો જવાબ હશે 'પાણીપુરી'. મસાલેદાર તીખી તમતમતી પાણીપુરીનું નામ લેતા જ મોંમાં પાણી આવી જાય છે. સેકટરોના નાકે કે શોપીંગ સેન્ટરોની પાસે ઉભી રહેતી પાણીપુરીની લારીઓ પર સાંજના સમયે મહિલાઓની ભીડ જોવા મળી જાય છે. પકોડાની લારી જોતા જ મહિલાઓ તેને ખાવાની લોલચ રોકી શકતી નથી.

સાત જન્મોનો સંગાથ

લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

હમણાં એક મિત્રએ જણાવ્યું કે જો કોઈ ભાઈ કુંવારો જ ગુજરી જાય તો એની પાછળ લીલ પરણાવવાની વિધિ કરવામાં આવે છે. ઘણાં ઓરતા હોય પરણવાના અને મેળ પડે એ પહેલાં જ મોત આવી જાય ત્યારે આ ખાસ વિધિ કરવામાં આવે છે. માન્યતા એવી કે એ લીલ આગળના જનમમાં છોકરી થઈને અવરતશે અને એ ભાઈ સાથે એના લગ્ન થશે.

આ જનમમાં જે ના મળ્યું અને મરતા સુધી જેનો વસવસો રહ્યો એ દુનિયાનું સર્વોત્તમ સુખ આગળના જન્મમાં નસીબ થાય એ વિચારીને આ વિધિ કરવાનું વિચારનાર નક્કી કોઈ મહાન માણસ હશે. દુનિયાનું સર્વોત્તમ સુખ એટલે પત્ની હોવી. હસવું હોય તો હસી લો જેને પત્ની છે એને કદર નથી પણ કોઈ વાંઢાને જઈને પૂછો તો ખબર પડે પત્નીની શું કિંમત હોય. ધોળી, કાળી, કાબરચીતરી, નાની, મોટી, જાડી, પાતળી, ગુસ્સાવાળી કે શાંત ગમે તેવી પણ ઘરમાં એક પત્ની તો હોવી જ જોઈએ.

ઘરમાં પત્ની હોય તો જ તમારું ઘર સ્વર્ગ કહેવાય. વારે તહેવારે એ તમારા માટે વ્રત રાખે. પોતે ભૂખી રહીને તમારી લાંબી આયુ માટે પ્રાર્થના કરે અને તોય પતિનો જીવ સુધરે નહીં ને પત્નીનો ઉપકાર માનવાને બદલે એની ઉપર જોક મારે. જ્યાં જુઓ ત્યાં સ્ત્રીની બુદ્ધિને ઉતરતી બતાવતી મજાક કરે રાખે. તમને શું ખરેખર એમ લાગે છે કે તમારી ભોળી, ગાય જેવી પત્ની ખરેખર એવી છે? હું કંઈ કહું.., એ તમારા બધા જોક્સ, બધી મજકોનો જવાબ આપે જ છે એ પણ એની પોતાની રીતે!

તમારી પત્ની રોજ પ્રાર્થના કરતી હોય છે કે આગલા જનમમાં તમે જ એના પતિ બનો. કેટલીક સ્ત્રીઓ તો ભગવાન પાસે સીધો સાત જનમનો કરાર કરી નાખે. લો કરી લો હવે મજાક! આગળના સાત જનમ સુધી એની એ જ સ્ત્રી તમારી પત્ની તરીકે આવશે અને દરેક જનમે તમારે જ બદલાવું પડશે, એ તો એવી ને એવી જ રહેવાની. સાત સાત જનમ સુધી થોડા થોડા બદલાઈને છેલ્લે બધાય પતિદેવ ખરેખર દેવ જેવા થઈ જ જાય. થોડીક પણ કટેવ બાકી રહી જાય તો પત્ની સીધી ધમકી જ આપે, આગલા સાત જનમ તમે જ મારા પતિ બનો એવી પ્રાર્થના કરું?

જે લોકો પહેલીવાર જ પતિપત્ની બન્યા હોય, મતલબ હજી પહેલાં જનમમાં સાથે હોય એ લોકો એકબીજાને સારી રીતે ઓળખતા ન હોય એટલે એમની વચ્ચે લડાઈ ઝઘડા થવાની પૂરી શક્યતા રહે છે. શરૂ શરૂમાં બહુ બધો પ્રેમ દેખાડે પણ પછી એક બીજા સાથે ટેવાવામાં જેટલું મોડું થાય એટલા ઝઘડા વધતા જાય. બીજા ત્રીજા જનમમાં સાથે હોય ત્યારે થોડું થોડું કરીને એકબીજાને સમજતા થઈ ગયા હોય. જેનો સાથે સાથે છઠ્ઠો, સાતમો જનમ હોય એમને તો હેય ને લીલાલહેર હોય. પતિદેવ જબ્બર સુધરી ગયા હોય. પત્ની એક નજર કરે અને તરત સમજી જાય કે દેવીજીની શી ઈચ્છા છે. કોઈ વાતે માથાકૂટ નહીં. એકદમ ભગવાનના માણસ જોઈ લો. આવા ઘરમાં પત્નીનો અવાજ ક્યારેક સંભળાઈ શકે પણ પતિનો જરાય નહિ. એ નક્કી કરીને બેઠો હોય કે ગમે તે થાય પણ પત્ની ફરી સાત જનમ વાળું ચક્કર ચાલું ના કરવી જોઈએ. એ એને એટલી સાચવીને રાખે કે પત્ની ભગવાન આગળ કંઈ માંગવાનું જ ભૂલી જાય.

આમ જુઓ તો આ વ્યવસ્થા અફલાતૂન છે. સાત વરસ એકના એક સાથે જીવવાનું પછી પાત્ર બદલાઈ જાય. પણ ધારોકે કોઈના લગ્ન બાદ તરત છૂટાછેડા થઈ ગયા તો એના લગ્ન આગળના જનમમાં કોની સાથે થશે? પહેલી પત્ની સાથે કે બીજી વારની સાથે? જેમના આ જ જનમમાં ત્રણ ચાર લગ્ન થયા હોય એમનું શું થતું હશે? સાત જનમ સાથે રહ્યા બાદ પહેલી વાર બીજા પાત્ર સાથે જોડાવાનું બને ત્યારે ઓલો જૂનો સાથીદાર ક્યાંક ભટકાઈ જાય તો એના પ્રત્યે ખેંચાણ ના થાય?

હજી આગળ વિચારો જે લોકો ઘરવાળી અને બહારવાળી એમ બે બે જગ્યાએ સંસાર વસાવી બેઠા હોય એમનું ખૂબ દૂરના ભવિષ્યમાં શું થશે? બંને સ્ત્રીઓ નક્કી કરીને બેઠી હોય આગળના સાત જનમ સુધી આ જ ઘર ને આજ વર, આવા કેસમાં નિયતિ પણ મૂંઝવણમાં મુકાઈ જતી હશે. કેટલું વિચારીને એને નક્કી કરવું પડતું હશે કે પહેલી હારે આટલા વરસ, બીજી હારે આટલા વરસ અને કોઈ કોઈ ભાગ્યવાનને વળી ત્રીજી કે ચોથી પત્ની પણ એક જ ભવમાં આપવી પડે.

ગુજરાતી પુરુષો બહુ બુદ્ધિશાળી પ્રજા છે. એમણે ખૂબ વિચારીને જ લગ્ન સમયે સાતને બદલે ચોરીના ચાર ફેરા કરી દીધા. એની પાછળ કદાચ સાતને બદલે ચાર ભવમાં જ બધું સમેટી લેવાનો ઈરાદો હતો પણ એ ભૂલે છે કે, એમની પત્ની કંઈ ભૂલવાની નથી.

અમસ્તું,

તમને શું લાગે છે, હેં? આ તમારો પતિ પત્ની તરીકે સાથે સાથેનો કેટલામો જનમ છે...

@kapadianiyati